

૧૪ જાન્યુઆરી ઉતરાયણ ના કાર્યક્રમ અંતર્ગત સેક્ટર ૨સીમાં કાર્યરત ચાણક્ય સ્કૂલ ખાતે સ્પેલિંગ મેકિંગ કોમ્પીટીશનમાં પતંગને એજ્યુકેશનનું માધ્યમ બનાવીને તેની ઉપર સ્પેલિંગ મેકિંગ એબીસીડી ટ્રાફિકના નિયમો, શાકભાજી અને અલગ-અલગ ફળોનાં ચિત્રો ચોંટાડવામાં આવ્યાં હતાં.



ગાંધીનગર, તા. ૧૦
સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની મિકેનિકલ તથા ઓટોમોબાઈલ બ્રાન્ચ દ્વારા વિદ્યાર્થીઓ માટે એક દિવસીય 'ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ' ઈફ્કો, કલોલ ખાતે યોજાયી.

ઈફ્કો, (ઈન્ડિયન ફાર્મર ફર્ટિલાઈઝર કો-ઓપરેટીવ લિમિટેડ) એ ભારતની સૌથી મોટી સહકારી મંડળી છે જેની સંપૂર્ણ માલિકી ભારતીય સહકારી મંડળની છે.૧૯૬૭માં ઈફ્કો એ ફકત ૫૭ સહકારી સાથે સ્થાપના કરી, આજે ખાતરોના ઉત્પાદન અને વેચાણના મુખ્ય વ્યવસાય સિવાય પણ સામાન્ય વીમાથી લઈને રૂરલ ટેલિકોમ સુધીના વિવિધ વ્યાપારિક હિતો ધરાવતા ૩૬,૦૦૦થી વધુ ભારતીય સહકારી સંસ્થાઓનું જોડાણ કર્યુ છે. ઓટો અને મેકેનિકલ બ્રાન્ચના ૬૫ વિદ્યાર્થીઓ અને ૦૨ અધ્યાપકો એ ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટમાં ભાગ લીધો હતો.

આ વિઝિટનો મુખ્ય હેતુ બાયો ફર્ટિલાઈઝરને લગતા ફિલ્ડ એરિયા અને કંટ્રોલ રૂમ વિષે તકનીકી જાણકારી મેળવવાનો હતો. આ વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓએ કૂલિંગ ટાવર, કંટ્રોલ વાલ્વ, મેઝરિંગ ઈન્સ્ટ્રુમેન્ટ, મેગ્નેટિક ફલો મીટર, DCS, PLC વિગેરે યંત્રો વિષે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી. વિદ્યાર્થીઓએ ઈફકોના પ્લાન્ટમાં નાઈટ્રોજન અને હાયડ્રોજનને કેવી રીતે પ્રોસેસ તથા મિક્સ કરીને એમોનિયાયુકત ફર્ટિલાઈઝર બનાવાય છે તે પ્રોસેસને ઊંડાણ પૂર્વક સમજી હતી.

# જન્મદિને વધામણી



મનીષાબેન ત્રિપાઠી



વિનોદભાઈ જોષી
મો. ૯૯૭૯૦ ૯૮૭૯૧



માનસી ઠક્કર



નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં સમગ્ર સ્ટાફ દ્વારા એક વર્ગખંડમાં ગણિતની પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી હતી, જેનું ઉદ્‌ઘાટન એસએમસી અધ્યક્ષ સુર્યાબેન દશરથભાઈ ઠાકોર અને આચાર્ય કોકિલાબેન શામજીભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પ્રયોગશાળામાં ગણિતના ૫૫ જેટલાં મૉડેલ્સ સમાવવામાં આવ્યાં છે.

# રેડિયન્ટ સ્કૂલે લીધી મુંદ્રા પૉર્ટની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૦
સરગાસણના ટીપી નં. ૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં અભ્યાસ કરતા ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે અદાણી મુંદ્રા પૉર્ટનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઉપયોગી વૈજ્ઞાનિક અને ટેકનીકલ બાબતને પ્રત્યક્ષ નિહાળી તેનો ખ્યાલ પ્રાપ્ત કરી શકે તેવા ઉમદા હેતુસર યોજવામાં આવેલા આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ અદાણી ગૃપ દ્વારા સ્થાપિત વિવિધ



ઔદ્યોગિક યુનિટની મુલાકાત લીધી હતી અને તેના માધ્યમથી વિજ્ઞાનમાં આવતી કેટલીક બાબતોની પ્રત્યક્ષ રીતે સમજ પણ મેળવી હતી.

રાત્રિ રોકાણ દરમિયાન વિદ્યાર્થીઓએ સ્વયં તૈયાર કરેલી સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરી હતી. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેકટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ આ ઉપયોગી પ્રવાસ બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# લીંબોદરા હાઈસ્કૂલમાં ઊર્જા સેમિનાર યોજાયો



નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર ગાંધીનગર સેક્ટર ૨૩ના ઉપક્રમે શ્રી પી આર શાહ હાઈસ્કુલ લીંબોદરા મુકામે બાલ ઉર્જા રક્ષક દળ અંતર્ગત ઉર્જા અંગેનો સેમિનાર યોજાયો આ સેમિનારમાં શાળાના બાળકોએ ભાગ લીધો. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિકભાઈ એ પ્લાસ્ટિક મુક્ત ભારત, ઊર્જા બચાવવા અંગેના ઊર્જાના વિવિધ કુદરતી સ્ત્રોતોના ઉપયોગો , સૌર ઊર્જા, પવન ઊર્જા ભૂતાપીય ઉર્જા સમુદ્ર ઉર્જા વગેરે તથા સોલર રુફટોપ, સોલર વોટર હીટર બાયોગેસ પ્લાન્ટ તથા અન્ય ઊર્જાના સ્ત્રોત વિશે બાળકોને માહિતગાર કર્યા. તથા આ અંગેની ક્વિઝ યોજી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## નેહરુ યુવા કેન્દ્રના ઉપક્રમે આયોજિત

# આદિવાસી યુથ એક્સચેન્જ પ્રોગ્રામનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો





નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજિત ટ્રાઈબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામનો ઉદ્‌ઘાટન વિધિ ગિયોડ અંબાજી મંદિર ધર્મશાળા ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે અધિક પોલીસ મહાનિર્દેશક અનિલ પ્રથમ, સાંસદ હસમુખ પટેલ, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ન્યૂ દિલ્હીના ઉપાધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. બિહાર અને મહારાષ્ટ્રના ૨૨૦ જેટલા આદિવાસી યુવક-યુવતીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમને સફળ બનાવવા યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, નાયબ નિયામક પવન અમરાવત, કશ્યપ નિમાવત, બિપીન જોષી અંબાજી મંદિરના ટ્રસ્ટી હસમુખ ચૌધરી, જયેશભાઈ ચૌધરી અને નેહરુ યુવા કેન્દ્રના વોલન્ટીયર્સની ટીમે જહેમત ઉઠાવી હતી.



અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી અને બીઆરઆઈ, અડાલજ, ગાંધીનગર ખાતે કૉલેજના વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓ માટે વિચાર આપ-લેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પૂર્વ વિદ્યાર્થી રોનક પટેલ દ્વારા પરીક્ષાઓ તથા તેની તૈયારીઆ, સરકારી નોકરીઓ અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# હીરામણી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો




હીરામણી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)નો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ 'ગૂંજ' થીમ આધારિત નાટક, નૃત્ય અને દેશભક્તિનાં ગીતો ઉત્સાહભેર રજૂ કર્યાં હતાં. ધોરણ ૧ થી ૧૨ના ૭૫૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ માણવા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટી.ઓ.ઈ.એફ.એલ. પરીક્ષા વિષે માહિતી અપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું હાલ બી.એસ.સી માં અભ્યાસ કરું છું. ટી. ઓ. ઇ. એફ. એલ. પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- અનિલ જાદવ, ગાંધીનગર**

ટી.ઑ.ઈ.એફ.એલ (ટેસ્ટ ઓફ ઇંગ્લિશ એઝ અ ફોરેઈન લેંગ્વેઝ) એ એક અધિકૃત અને પ્રોફેશનલ અંગ્રેજી ની પરીક્ષા છે જેના થકી આપ વિદેશ માં આગળ અભ્યાસ કરવા માટે આપવામાં આવતી પરીક્ષાઓ પૈકી એક છે.આપે અન્ય પરીક્ષાઓ જેવી કે આઈ.ઈ.એલ.ટી.એસ અને પી.ટી.ઈ જેવી પરીક્ષા ના નામ પણ જાણીતા હશે.આ પરીક્ષા થકી આપ વિદેશ ની ઘણી કોલેજો પૈકી એ કોલેજ અથવા સંસ્થામાં એડમિશન લઈ શકો છો જેમાં ટી. ઑ. ઈ.ફ.એલ. પરીક્ષાને માન્ય રાખે છે. આ પરીક્ષા માં




મુખ્યત્વે ચાર વિભાગ હોય છે. રીડિંગ, રાઈટિંગ, સ્પીકિંગ અને લિસનીંગ. આ દરેક વિભાગમાં આપણે ૦ થી ૩૦ વચ્ચે પોઈન્ટ લાવવાના હોય છે. અને છેલ્લે આપનું સ્કોરકાર્ડ બને છે જે નક્કી કરે છે આપ ઉત્તીર્ણ થયેલ છો કે નહીં.આ પરીક્ષા માટે આપે વધુ માં વધુ પ્રેક્ટિસ કરવાની હોય છે. અને પેપર સોલ્યુસન પણ કરી શકો છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. હું કોલેજ ના બીજા વર્ષ માં અભ્યાસ કરું છું.હાલ બહાર પડેલ એરમેન ની ભરતી વિષે માહિતી આપશો.**

**- અનિકેત રોહિત, ગાંધીનગર**

આ પરીક્ષા ઈંડિયન એરફોર્સ માં બહાર પડતી જગ્યાઓ પૈકીની છે. આ માટે લાયકાત ની વાત કરીએ તો ઓછામાં ઓછા ૪૫ ઓછામાં ઓછા ૪૫ % માર્કસ સાથે (અંગ્રેજી વિષય સાથે) ધો. ૧૨ (આર્ટસ, સાયન્સ કોમર્સ પ્રવાહ) પરીક્ષા ૫૦ ટકા સાથે પાસ જ અરજી કરી શકે. ૧૬ થી ૧૯ વર્ષ છે. તદઉપરાંત ઓછામાં ઓછી શારીરિક ઊંચાઈ ૧૫૨.૫ સેમી, છાતીની પહોળાઈ ૭૫ સેમી તથા ઊંચાઈને સપ્રમાણ વજન જરૂરી છે. પ્રાપ્ત થયેલી અરજીઓમાંથી પસંદગીના ઉમેદવારોને સેન્ટ્રલ એરમેન સિલેકશન બોર્ડ દ્વારા લેખિત પરીક્ષા માટેનું એડમિટ કાર્ડ મોકલવામાં આવશે. પસંદગીના કેન્દ્રમાં નવી દિલ્હી, જોધપુર, મુંબઈ ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ પરીક્ષાની બુકસ હિન્દી/અંગ્રેજીમાં વેચાણથી મળે છે. પરીક્ષાની કક્ષા ધો. ૧૨ લેવલની હોય છે. આ લેખિત પરીક્ષા અંતર્ગત પેપર રહેશે: (૧) અંગ્રેજી (૨) ઈન્ટેલિજન્સ અને જનરલ અવેરનેસ. બીજુ પેપર અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં હશે. બંને પ્રશ્નપત્રો ઓબ્જેક્ટિવ પ્રકારના રહેશે. વળી, ઉમેદવારોને બંને પ્રશ્નપત્રોમાં પાસ થવાનું રહેશે. લેખિત પરીક્ષાનું પરિણામ તે જ દિવસે જાહેર કરાશે અને સફળ



ઉમેદવારોએ 'ટ્રેડ એલોકેશન ટેસ્ટ' આપવાની રહેશે. અહીંપણ સફળ જાહેર થયેલા ઉમેદવારોએ બીજા દિવસે તબીબી પરીક્ષણમાંથી પસાર થવાનું રહેશે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૩. હું હાલમાં બી .કોમ નો અભ્યાસ કરું છું. આર.આર.બી ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- કુંજન પટેલ, ગાંધીનગર**

કુંજન આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો પરંતુ આર.આર.બી.ના બે અર્થ નીકળતા હોય છે. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજઓનલ રૂરલ બેંક (ગ્રામીણ બેંક). અમે તમને બંને વિષે થોડી માહિતી આપીશું. રેલ્વે માં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને આર.આર.બી આપવી પડે છે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયર પોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ 'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાં સ્થિત ૨૧ રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતી હોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણી વખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે. હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅંક એટ્લે કે ગ્રામીણ બૅંક ની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે – એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બેથી ત્રણ તબક્કા હોય છે - પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને



અસિસ્ટેંટ, બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.
ઈમેલ:questions.career corner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner